**<u>ક્રિ.કેસ નં.૫૫૦/'૧૪ ના કામે આંક–૧ તળે આખરી હુકમ</u>**

*(૧) ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી. ને.ઈ.એકટની કલમ –૧૩૮ ના ગુન્હા અન્વયે દાખલ કરવામાં આવેલી છે. આ કામનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ જોતાં ફરીયાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે છેલ્લી ઘણી મુદતોથી હાજર રહેલા નથી કે ગેરહાજરી સબબ કોઈ મુકિત રીપોર્ટ રજુ કરેલો નથી. હાલનો કેસ ઘણાં સમયથી બજવણીના તબકકે પડતર હોવા છતાં ત્યારબાદ પણ ફરીયાદી જાતે કે વિ.વ.શ્રી મારફત હાજર રહેલા નથી કે નવું સરનામું રજુ કરી બજવણી માટેના કોઈ સક્રિય પ્રયત્નો કરેલા નથી.*

*(૨) આવા સંજોગોમાં બજવણીના તબકકે હોવા માત્રથી ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર ના રહે અને કોઈપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરવા આગળ ના આવે તે યોગ્ય નથી. ફરીયાદ પક્ષે, તેમના વિ.વ.શ્રીને રાખવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીની ગે.હા.માં સદર વિ.વ.શ્રીએ હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટેના સક્રિય પ્રયાસ કરવા પડે અને આરોપીને હાજર રાખવા માટે પ્રોસેસને બજાવવાના પ્રયાસ કરવા પડે કે સરનામું રજુ કરી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે, પરંતુ તેવી કોઈ કાર્યવાહી ફરીયાદ પક્ષે લાંબા સમયથી કરેલી નથી કે પોતે પણ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીને કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય તેમ જણાય છે.*

*(૩) આ સબંધે* ***<u>ના.સુપ્રિમકોર્ટે એસ. રામાક્રિષ્ના વિ.રામીરેડ્ડી (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.)૨૦૬૬ ના ચુકાદામાં</u>*** *ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિ.તે સાથોસાથ* ***<u>ના.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મિલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ.અપીલ નંબર ૨૪૦૫/'૦૯, તા.૧૮–૧–'૧૦ નો ચુકાદો</u>*** *ધ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ ની છણાવટ કરી ઠરાવવામાં આવેલ છે કે,"ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસો કરતા ન હોય તો,તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે." આ કેસમાં પણ ઉપરોકત કરેલી ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કેસમાં હાજર રહેલા ના હોય કે આરોપીને પ્રોસેસ બજાવવા માટે લાંબા સમયથી કોઈ પ્રયત્ન કરાયેલ ના હોય તે સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૬ ને વંચાણે લેતાં હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.*

**<u>હુ ક મ</u>**

*ફરીયાદીની હાલની ફરીયાદ તેમની ગેરહાજરીના કારણે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના તહોમતમાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.*

*હુકમ આજ તા.૧–૧–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.*

*તાઃ ૧–૧–૧૮*
*સ્થળઃઅમદાવાદ.*

*( ડી.એસ.ડાભી )*
*એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*ને.ઈ.એ કોર્ટ નં.૨૭, અમદાવાદ,*
*જજ કોડ નં. જીજે૦૧૦૧૮*